## રેલવેની સમસ્યાનો ઉકેલ ન આવે તો ‘નોટા’ના વિકલ્પની ચર્ચા

**નવસારીમાં** મુસાફરોનો રેલવે સામે વધતો અસંતોષ: ટ્રેન સુવિધા મુદ્દે રજૂઆતો છતાં નિરાશા

નવસારી : નવસારી જિલ્લાના દૈનિક અપ-ડાઉન કરતા હજારો પાસધારકો અને મુસાફરોમાં રેલવે તંત્રની કામગીરીને લઈને અસંતોષ જોવા મળી રહ્યો છે. લાંબા સમયથી ટ્રેનોના સ્ટોપેજ વધારવા, નવી ટ્રેનો શરૂ કરવા અને કોરોના સમયગાળા દરમિયાન બંધ થયેલી સેવાઓ પુન:શરૂ કરવાની માંગ કરવામાં આવી રહી હોવા છતાં, મુસાફરોને કોઈ સ્પષ્ટ પરિણામ મળતું નથી.

મુસાફરોનું કહેવું છે કે તેમણે વારંવાર સ્થાનિક પ્રતિનિધિઓને લેખિત તેમજ રૂબરુ રજૂઆતો કરી છે, છતાં આજ સુધી માત્ર આશ્વાસનો જ મળ્યા છે. પરિણામે દૈનિક મુસાફરી કરતા લોકોમાં નિરાશા અને અસંતોષ વધી રહ્યો છે.

આ સ્થિતિ વચ્ચે સોશિયલ મીડિયા પર કેટલાક મુસાફરો પોતાના પ્રતિભાવ વ્યક્ત કરી રહ્યા છે અને જો સમસ્યાઓનો ઉકેલ ન આવે તો મતદાન દરમિયાન ‘નોટા’ વિકલ્પ પર વિચાર કરવાની ચર્ચા પણ જોવા મળી રહી છે. જોકે આ માત્ર અસંતોષનો ભાવ વ્યક્ત કરવાનો પ્રયાસ હોવાનું પણ કેટલાક મુસાફરો કહે છે.

મુખ્ય માંગોમાં નવસારીમાંથી પસાર થતી મહત્વપૂર્ણ ટ્રેનોના સ્ટોપેજ, ટ્રેનોના વધારાના ડબ્બા અને બંધ થયેલી સેવાઓ ફરી શરૂ કરવાની બાબતો સામેલ છે. મુસાફરોનું માનવું છે કે રોજબરોજ રેલવે પર નિર્ભર હોવા છતાં મૂળભૂત સુવિધાઓમાં સુધારો ન થવો ચિંતાજનક છે.

હાલમાં મુસાફરો તંત્રને વિનંતી કરી રહ્યા છે કે તેમની રજૂઆતો પર ધ્યાન આપીને જરૂરી પગલાં લેવામાં આવે, જેથી દૈનિક મુસાફરી વધુ સરળ અને સુવિધાજનક બની શકે.

## ‘પાણી નહીં તો મત નહીં’ ચૂંટણી બહિષ્કારનો ગ્રામજનોનો હુંકાર

**ખેરગામના** વાવ ગામના દેસાઈ ફળિયામાં હેન્ડપમ્પ અને પાણીની ટાંકી શોભાના ગાંઠિયા સમાન

**મહિલાઓને** પાણી માટે ખેતરોમાં ભટકવાની નોબત

### નેતાઓ ફરકતા પણ નથી: મહિલાઓ

અમારા ફળિયામાં પાણીની ભારે તકલીફ છે. જ્યારે ખેતરમાં પિયત માટે પાણી છોડાય ત્યારે અમે પાઈપલાઈન લંબાવીને મહામુસીબતે પાણી ભરીએ છીએ. આટલી હાડમારી હોવા છતાં કોઈ સ્થાનિક નેતા અમારી સ્થિતિ જોવા સુદ્ધાં ફરક્યા નથી.

### આચારસંહિતા નડતરરૂપ બની: સરપંચ

અમે હેન્ડપમ્પની તપાસ કરાવી હતી, પરંતુ તે અંદરથી પુરાઈ ગયો છે. નવા બોર અને હેન્ડપમ્પની મંજૂરી મળી ગઈ છે, પરંતુ ચૂંટણીની આચારસંહિતા અમલમાં આવતા કામ અટકી પડ્યું છે. ચૂંટણી પૂર્ણ થતા જ પ્રાથમિકતાના ધોરણે નવો બોર બનાવવામાં આવશે. હાલ ગામમાં સરકારી કૂવો કાર્યરત છે. બિન્ની પટેલ (સરપંચ, વાવ ગામ)

ખેરગામ : ઉનાળાની શરૂઆત થતા જ ગ્રામ્ય વિસ્તારોમાં જળસ્તર નીચા જવાથી પાણીની સમસ્યા વિકરાળ બની રહી છે. ખેરગામ તાલુકાના વાવ ગામના દેસાઈ ફળિયામાં છેલ્લા ચાર મહિનાથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતા સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ફળિયામાં સુવિધા માટે બનાવાયેલા સાધનો નિરર્થક સાબિત થતા ગ્રામજનોએ આગામી ચૂંટણીમાં મતદાન બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.

દેસાઈ ફળિયાના અંદાજે ૧૦ થી ૧૫ પરિવારો હાલ પાણીના ટીપે-ટીપા માટે તરસ્યા છે. ફળિયામાં આવેલો હેન્ડપમ્પ છેલ્લા ત્રણ-ચાર મહિનાથી બંધ હાલતમાં છે. આશ્ચર્યની વાત એ છે કે, ૧૦-૧૨ વર્ષ પહેલાં લાખોના ખર્ચે બનાવવામાં આવેલી પાણીની ટાંકી પણ ટેકનિકલ કારણોસર બંધ હોવાથી માત્ર ‘શોભાના ગાંઠિયા’ સમાન બની રહી છે. પરિણામે, મહિલાઓ અને વૃદ્ધોને ધોમધખતા તાપમાં બીજાના ખેતરો સુધી પાણી ભરવા જવું પડે છે.


સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ અંગે ગ્રામ પંચાયતમાં અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. આ ઉદાસીનતાથી કંટાળીને ગ્રામજનોએ “પાણી નહીં તો મત નહીં” ના સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો છે. નેતાઓ માત્ર ચૂંટણી ટાણે જ દેખાય છે તેવી લાગણી સાથે રહીશોએ જણાવ્યું કે, જો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો તેઓ મતદાન પ્રક્રિયાથી દૂર રહેશે.

**ડાંગથી સૌરાષ્ટ્ર જતા મજૂર મુસાફરોની વ્યથા**

## ‘મત આપવા આવીશું, પણ મુસાફરી સહેલી બનાવો’

**તારાપુર** ચોકડીથી આહવા સુધી સીધી સ્લીપર કોચ બસની માંગ ઉગ્ર બની, ચૂંટણી પહેલા ઉકેલ લાવવા સરકારને અપીલ

સાપુતારા : ડાંગ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાંથી રોજગાર માટે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં સ્થાયી થયેલા યુવાનો અને પરિવારો આજે પણ પોતાના મૂળ વતન સાથે ગાઢ રીતે જોડાયેલા છે. સામાજિક પ્રસંગો, કુટુંબની જવાબદારીઓ તેમજ લોકશાહીના પર્વ સમાન મતદાનમાં ભાગ લેવા તેઓ વારંવાર વતન પરત ફરે છે. પરંતુ તેમની આ સફર હાલમાં અત્યંત મુશ્કેલ અને કંટાળાજનક બની ગઈ છે. હાલની વ્યવસ્થામાં મુસાફરોને પહેલા અમદાવાદ સુધી પહોંચી, ત્યાંથી બીજી બસ પકડવાની ફરજ પડે છે. આ કારણે સમય, ખર્ચ અને શ્રમ ત્રણેયમાં વધારો થાય છે. વધુમાં, સીધી બસોમાં સીટ ન મળતા મુસાફરોને ઉભા રહીને કે નીચે બેસીને મુસાફરી કરવા મજબૂર બને છે. મુસાફરો સ્પષ્ટ કહે છે કે, “મતદાન કરવું અમારી ફરજ છે અને અમે જરૂર આવશું, પરંતુ અમારી મુસાફરી સરળ બનાવવી સરકારની જવાબદારી છે.” આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મુસાફરો દ્વારા એક મહત્વપૂર્ણ માંગ ઉઠાવવામાં આવી છે. તારાપુર ચોકડીથી આહવા સુધી સીધી સ્લીપર કોચ બસ સેવા શરૂ કરવામાં આવે. આ રૂટ સુરત શહેરમાં પ્રવેશ કર્યા વિના સીધી કનેક્ટિવિટી પૂરી પાડે તેવો હોવો જોઈએ. જો આ સેવા શરૂ થાય તો ડાંગ, નવસારી અને આસપાસના વિસ્તારોના હજારો મુસાફરોને મોટી રાહત મળી શકે છે. ચૂંટણીના માહોલમાં વિવિધ રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસતા મતદારોની માહિતી એકત્ર કરવાની કામગીરી ચાલી રહી છે. મુસાફરોનું માનવું છે કે આ માહિતીના આધારે યોગ્ય બસ સમયપત્રક બનાવવામાં આવે તો પરિવહન વ્યવસ્થા વધુ અસરકારક બની શકે છે. આ મુદ્દે મુસાફરોની રજૂઆત રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને વાહનવ્યવહાર વિભાગના વડા હર્ષ સંઘવી સુધી પહોંચાડવા સોશિયલ મીડિયા પર પણ જોરદાર અભિયાન ચાલી રહ્યું છે.




## ગણદેવી તાલુકામાં 251 કર્મચારીઓનું પોસ્ટલ મતદાન

બીલીમોરા : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગણદેવી મત વિસ્તારમાં જિલ્લા પંચાયત બેઠક માટે ૧૨૫ અને તાલુકા પંચાયત બેઠક માટે કર્મચારીઓએ ૧૨૬ પોસ્ટલ મતદાનની ફરજ નિભાવી હતી. પોતાના મત કવર પેટીમાં નાંખ્યા હતા. સામાન્ય રીતે મતગણતરી વેળા સૌ પ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી થતી હોય છે. જે ઉપરથી મહ્દઅંશે ચૂંટણીનો અંદાજ પ્રાપ્ત થતા હોય છે. જે બાદ ઈવીએમ ખુલતા સાચુકલું પરીણામ પ્રાપ્ત થતું હોય છે. આગામી ૨૬’મી એપ્રિલે મતદાન બાદ ૨૮’મી એપ્રિલ નાં રોજ પરીણામ પ્રાપ્ત થશે. ગણદેવીમાં તાલુકા પંચાયત ભવનમાં મતદાન યોજાયું હતું.

**દુધિયા તળાવ અને ટાટા તળાવમાં પાણીનું સ્તર ઘટતા ફાઉન્ટેન માટે પાણી મળી શકતું નથી**

## 4.33 કરોડનો મ્યુઝિક ફાઉન્ટેન ‘તરસ્યો’!

**પાણીની** કટોકટી વચ્ચે ભવ્ય પ્રોજેક્ટ શોભાના ગાંઠિયા સમાન, નાગરિકોમાં ઉગ્ર ચર્ચા

**આ** પ્રોજેક્ટ હાલમાં તાત્કાલિક પરિસ્થિતિને કારણે નિયમિત રીતે કાર્યરત રહી શકતો નથી



નવસારી : નવસારી શહેરમાં મહાનગરપાલિકા દ્વારા વિકસાવવામાં આવેલો ‘લાઈટ એન્ડ સાઉન્ડ મ્યુઝિક ફાઉન્ટેન’ હાલ પાણીની અછતના કારણે અસરગ્રસ્ત બન્યો છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અંદાજે રૂપિયા 4.33 કરોડના ખર્ચે તૈયાર થયેલો આ પ્રોજેક્ટ હાલમાં તાત્કાલિક પરિસ્થિતિને કારણે નિયમિત રીતે કાર્યરત રહી શકતો નથી.

શહેરમાં પાણી પુરવઠો મુખ્યત્વે નહેર પર આધારિત છે. તાજેતરમાં નહેર સંબંધિત કામગીરીના કારણે પાણીની ઉપલબ્ધિમાં ઘટાડો નોંધાયો છે. પરિણામે દુધિયા તળાવ અને ટાટા તળાવમાં પાણીનું સ્તર ઘટ્યું છે, જેના કારણે ફાઉન્ટેન માટે જરૂરી પાણી પૂરતું મળી શકતું નથી.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ફાઉન્ટેનનો ઉપયોગ હાલ મર્યાદિત કરવામાં આવ્યો છે. નાગરિકોમાં આ મુદ્દે ચર્ચા ચાલી રહી છે, ખાસ કરીને પાણીના ઉપયોગને પ્રાથમિકતા આપવાની જરૂરિયાતને લઈને વધુ સંવેદનશીલ અભિગમ અપનાવવાની વાત થઈ રહી છે.

શહેરના રહેવાસીઓ આશા વ્યક્ત કરી રહ્યા છે કે પાણી વ્યવસ્થાપનમાં સુધારા સાથે આવા પ્રોજેક્ટ્સ પણ ભવિષ્યમાં વધુ સારી રીતે કાર્યરત રહી શકે, જેથી શહેરની સુવિધાઓ અને જરૂરિયાતો વચ્ચે યોગ્ય સંતુલન જળવાઈ રહે.

## ટેક્નિકલ ખામીથી નવસારીમાં શિક્ષકોના પગારમાં વિલંબ

**માર્ચ** મહિનાનો પગાર હજુ સુધી જમા ન થતાં ૩૨૦૦થી વધુ શિક્ષકો મુશ્કેલીમાં

**જિલ્લાની** ૬૫૦ પ્રાથમિક શાળાઓના શિક્ષકો આ વિલંબથી પ્રભાવિત બન્યા

નવસારી : નવસારી જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલો એક મહત્વનો પ્રશ્ન ઉભો થયો છે, જ્યાં માર્ચ મહિનાનો પગાર હજુ સુધી જમા ન થતાં ૩૨૦૦થી વધુ શિક્ષકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. જિલ્લામાં આવેલી અંદાજે ૬૫૦ પ્રાથમિક શાળાઓના શિક્ષકો આ વિલંબથી પ્રભાવિત બન્યા છે.

માહિતી અનુસાર રાજ્ય સ્તરે ઉપયોગમાં લેવાતા ‘પ્રેસા’ સોફ્ટવેરમાં થયેલા અપડેશન તેમજ તાજેતરની ચૂંટણી સંબંધિત કામગીરીને કારણે પગાર પ્રક્રિયામાં અડચણ ઊભી થઈ હતી. પરિણામે નિયમિત સમયગાળા અંદર પગાર ચૂકવણી શક્ય બની નથી.

આ વિલંબના કારણે અનેક શિક્ષકોના નાણાકીય આયોજન પર અસર પડી છે. બેંક લોનના હપ્તા સમયસર ન ભરાતા વધારાના ચાર્જિસ લાગવાની શક્યતા ઉભી થઈ છે, જેને લઈને શિક્ષકોમાં ચિંતા વ્યાપી છે. આ મામલે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા રજૂઆત કરાયા બાદ તંત્ર સક્રિય બન્યું છે. હવે સોફ્ટવેરની સમસ્યા દૂર કરીને જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. અધિકારીઓનું કહેવું છે કે નજીકના સમયમાં બાકી રહેલા પગાર જમા થઈ જશે.

શિક્ષકોમાં હવે આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આગળથી આવી ટેક્નિકલ વિલંબ ટાળવા માટે યોગ્ય આયોજન કરવામાં આવશે, જેથી શિક્ષણ કાર્ય પર તેની અસર ન પડે.

## નવસારીમાં બનેલા ફૂટપાથ અને પાર્કિંગ લોકો માટે નકામા

**બસ** ડેપો દ્વારા પાલિકાની પાર્કિંગની જગ્યા અને ફૂટપાથ પાસે અવરોધ ઉભા કરવામાં આવ્યો




નવસારી : નવસારી શહેરમાં જાહેર સુવિધાઓના ઉપયોગને લઈને એક મુદ્દો ચર્ચામાં આવ્યો છે. શહેરના બસ ડેપો દ્વારા નગરપાલિકાની જાહેર પાર્કિંગ જગ્યા અને ફૂટપાથ પાસે અવરોધ ઉભા કરવામાં આવ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે, જેના કારણે નાગરિકોમાં ચિંતા વ્યક્ત થઇ રહી છે.

મહાનગરપાલિકાએ નાગરિકોની સુવિધા માટે તૈયાર કરેલા ફૂટપાથ અને પાર્કિંગ વિસ્તારોનો ઉપયોગ હાલમાં મર્યાદિત બન્યો હોવાનું જણાઈ રહ્યું છે. કેટલીક જગ્યાએ “નો પાર્કિંગ”ના સૂચનફલક મૂકવામાં આવતા લોકોમાં પ્રશ્નો ઉઠી રહ્યા છે કે આ વ્યવસ્થા પાછળનો હેતુ શું છે.

ફૂટપાથ પર અવરોધ હોવાને કારણે પદયાત્રીઓને રસ્તા પર ચાલવું પડે છે, જે સલામતીના દૃષ્ટિકોણથી ચિંતાજનક છે. ખાસ કરીને વૃદ્ધો અને બાળકો માટે આ પરિસ્થિતિ વધુ ધ્યાન આપવાની જરૂરિયાત દર્શાવે છે.

સ્થાનિકોએ આ મુદ્દે સંબંધિત તંત્રને અનેક રજૂઆતો કરી હોવાનું જણાવ્યું છે. હાલ સુધી સ્પષ્ટ પ્રતિસાદ ન મળતા લોકો યોગ્ય ઉકેલની અપેક્ષા રાખી રહ્યા છે. નાગરિકો ઈચ્છે છે કે તમામ પક્ષો વચ્ચે સમન્વયથી જલદી યોગ્ય નિર્ણય લેવાઈ અને જાહેર સુવિધાઓ ફરીથી સૌ માટે સુલભ બને. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં આવે, તો પરિસ્થિતિ સરળતાથી સુધરી શકે છે અને નાગરિકોની સુવિધા તથા સુરક્ષા બંને જાળવી શકાય.

## વલસાડ જિલ્લાની ૨૯૨ શાળામાં ભવ્ય મતદાન જાગૃતિ અભિયાન

**મારો** અધિકાર’ સંદેશ સાથે ઉત્સાહભેર કાર્યક્રમો યોજાયા



વલસાડ : વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને મતદાન પ્રત્યે નાગરિકોમાં વ્યાપક જાગૃતિ ફેલાવવા વલસાડ જિલ્લા ચૂંટણી અધિકારી તેમજ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના માર્ગદર્શન હેઠળ સ્વીપ મેનેજમેન્ટના નોડલ અધિકારી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી ટંડેલના નેતૃત્વમાં જિલ્લા તંત્ર તથા શિક્ષણ વિભાગ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત આજે જિલ્લામાં કુલ ૨૯૨ શાળાઓમાં વિશાળ પ્રમાણમાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતાં. રંગોળી, નિબંધ, વકતૃત્વ અને ચિત્ર સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો અને લોકશાહી પ્રત્યે પોતાની જવાબદારી અંગે સશક્ત સંદેશ આપ્યો હતો. કલેક્ટર વર્માએ જણાવ્યું હતું કે, મતદાન એ માત્ર અધિકાર જ નહીં પરંતુ દરેક નાગરિકની પવિત્ર ફરજ છે, અને તમામ નાગરિકોને આવનારી ચૂંટણીમાં નિર્ભય અને નિષ્ઠાપૂર્વક મતદાન કરવાની અપીલ કરી હતી. સ્વીપ મેનેજમેન્ટના નોડલ અધિકારી ડો. રાજેશ્રી એ. એલ. ટંડેલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ મારફતે સમાજના દરેક વર્ગ સુધી મતદાનનો સંદેશ પહોંચાડવાનો આ અભિયાનનો મુખ્ય હેતુ છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને મતદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને “મતદાન કરવું એ આપણો અધિકાર જ નહીં પરંતુ ફરજ પણ છે” તે સંદેશ સાથે શપથ લેવડાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાના પરિવારજનો તથા આસપાસના નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## ઉમરગામમાંથી ગેરકાયદે ગેસ રિફિલિંગ કરતા એક ઝડપાયો

ઉમરગામ : ઉમરગામની બિલ્ડીંગમાંથી ગેરકાયદે રીતે ગેસ રિફિલિંગ કરતા એક શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. ઉમરગામ પોલીસને બાતમી મળી હતી કે ઉમરગામ દામા રેસીડેન્સી પાર્કમાં એક બિલ્ડીંગમાં બીજા માળે ગેરકાયદે રીતે એક સિલિન્ડરમાંથી બીજા સિલિન્ડરમાં ગેસનું રિફિલિંગ કરી ગ્રાહકોને ઊંચા ભાવે વેચવામાં આવી રહ્યા છે. આ બાતમીના આધારે ઉમરગામ પોલીસે રેડ કરી કૃલદીપ શ્રીકાંત ઉપાધ્યાયને ઝડપી પાડી ખાલી ગેસ સિલિન્ડર તથા બે ભરેલા ગેસ રિફિલિંગ પાઈપ મળી કુલ રૂપિયા 6,100 નો મતાનો મુદ્દામાલ કબજે લઈ ધરપકડ કરી ઉમરગામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સરથાણા શાખા: જી-૧, દીપ કમલ શોપીંગ, સરથાણા મેઈન રોડ, સરથાણા, જી.સુરત. ફોન : ૦૨૬૧ ૨૫૭૬૭૪૮
Email : sarsur@bankofbaroda.com
પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ
નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ગીરવેદાર **શ્રી અશોક ચતુરભાઈ ગધીયા, શ્રીમતી સંગીતાબેન અશોકભાઈ ગધીયા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૫,૮૮,૫૯૬.૦૦ (રૂપિયા પચ્ચીસ લાખ અઠયાશી હજાર પાંચસો છન્નું પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદારો/જામીનદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
દેવાદારો /જામીનદાર અને ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૨૫,૮૮,૫૯૬.૦૦ (રૂપિયા પચ્ચીસ લાખ અઠયાશી હજાર પાંચસો છન્નું પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.
ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
**સ્થાવર મિલકતનું વર્ણન**
તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત ‘સ્વરાજ હાઈટ્સ’ નામે ઓળખાતી કોમ્પલેક્ષ ના રહેણાંકની હાઈરાઈઝ બિલ્ડીંગ નં. એ ના ૧લા માળ નો ફલેટ નં. એ-૧૦૪ કારપેટ એરીયા માપ ૬૮૯.૪૩ ચો.ફુટ એટલે ૬૪.૦૫ ચો.મી બાલ્કની એરીયા માપ ૦૧.૮૩ ચો.મી અને વોશ એરીયા માપ ૦૨.૫૩ ચો.મી અને કુલ બિલ્ટઅપ એરીયા માપ ૮૯૪.૦૦ ચો.ફુટ એટલે ૮૩.૦૫ ચો.મીટર પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા માપ ૩૨.૪૧ ચો.મીટર જમીન બિલ્ડીંગ અને સંપૂર્ણ કોમ્પલેક્ષ ની બિનખેતી જમીન નો બ્લોક/રેવન્યુ સર્વે નં. ૪૩/પૈકી ૨ કુલ માપ ૯૧૦૫.૦૦ ચો.મી, ડ્રાફટ ટી.પી સ્કીમ નં. ૫૧ (ડભોલી), મુળ પ્લોટ નં. ૫૧, ફાઈનલ પ્લોટ નં. ૫૧/એ માપ ૧૭૦૭ ચો.મી અને ફાઈનલ પ્લોટ નં. ૫૧/બી માપ ૪૬૬૮.૦૦ ચો.મી ગામ. ડભોલી, સબ ડિસ્ટ્રીકટ. સુરત સીટી (નવો સબ ડિસ્ટ્રીકટઃ કતારગામ), જી.સુરત ખાતે શ્રીમતી સંગીતાબેન અશોકભાઈ ગધીયા આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફલેટ નં. એ/૧૦૨, **પશ્ચિમ તરફ** : બિલ્ડીંગ માર્જીન અને ગાર્ડન, **ઉત્તર તરફ** : ફલેટ નં. એ/૧૦૧, **દક્ષિણ તરફ** : બિલ્ડીંગ માર્જીન.
તા. ૧૭.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સરથાણા શાખા.

पंजाब नैशनल बैंक ...भरोसे का प्रतीक ! punjab national bank ...the name you can BANK upon !
એમસીસી સુરત (૬૨૯૬૦૦) : ક્રોસ કોર્નર બિલ્ડીંગ, ૨જો માળ ઉધના ત્રણ રસ્તા, સુરત-૩૯૪૨૧૦
email: mcc6296@pnb.bank.in
પરિશિષ્ટ-૪ [જૂઓ રૂલ ૮(૧)] **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)
આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન અને રિકસ્ટ્રકશનઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૩ ના ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૧/૦૨/૨૦૨૬** ના રોજ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો મેસર્સ દિવમીરા સીલ્ક (ભાગીદાર પેઢી) અને શ્રી અમીતકુમાર અગ્રવાલ (મેસર્સ દિવમીરા સીલ્ક ના ભાગીદાર), જામીનદાર/ગીરવેદાર શ્રીમતી નુપુરૂ અમીત અગ્રવાલ અને જામીનદાર શ્રીમતી મમતા અગ્રવાલ** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૩,૦૫,૩૫,૩૯૮.૯૫/- (અંકે રૂા. ત્રણ કરોડ પાંચ લાખ પાત્રીસ હજાર ત્રણસો અઠ્ઠાણું અને પંચાણુ પૈસા પુરા) તા.૦૨.૦૨.૨૦૨૬** ના રોજના **(તા ૩૧.૦૧.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.
દેવાદારો /ગીરવેદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો /ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમો અંતર્ગત આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૮મી એપ્રિલ, સન ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.
આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/ગીરવેદાર/જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૩,૦૫,૩૫,૩૯૮.૯૫/- (અંકે રૂા. ત્રણ કરોડ પાંચ લાખ પાત્રીસ હજાર ત્રણસો અઠ્ઠાણું અને પંચાણુ પૈસા પુરા) તા.૦૨.૦૨.૨૦૨૬** ના રોજના **(તા ૩૧.૦૧.૨૦૨૬ સુધી વ્યાજ સહિત)** વધારાનું વ્યાજ સંપૂર્ણ ચુકવણી ને આધિન રહેશે.
દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
**સ્થાયી મિલકતનું વર્ણન**
તમામ ભાગ અને હિસ્સો ધરાવતો સ્થાયી મિલકત ‘મિલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ-૪’ ના નામે જાણીતા કોર્મશીયલ કોમ્પલેક્ષ ની ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં. ૪૫ માપ ૬૪૫.૪૦૯ ચો.ફુટ (બિલ્ટઅપ એરીયા) એટલે કે ૫૯.૯૬૦ ચો.મી બરાબર અને ૬૨૦.૪૪૮ ચો.ફુટ (કારપેટ એરીયા) એટલે કે ૫૭.૬૪૧ ચો.મી બરાબર મિલકત ના રોડ અને સીઓપી ના વણવહેચાયેલ ૨૦૨.૪૫૯ ચો.ફુટ એટલે કે ૧૮.૮૦૯ ચો.મી ના હિસ્સા સહિત આ બિલ્ડીંગનું બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૮ + ૨૯૫ પૈકી -૧ માપ ૪૭,૦૩૭ ચો.મી મોજે ઉધના, જુના તાલુકા. સુરત શહેર, નવા તાલુકા. ઉધના, જી. સુરત ખાતે મેસર્સ નુપુર અમીત અગ્રવાલ ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેની ખાડી, **પશ્ચિમ તરફ** : જોડેની રે. સ. નં. ૬૭, **ઉત્તર તરફ** : જોડેની ખાડી, **દક્ષિણ તરફ** : જોડેની રેલ્વેની હદ
તમામ ભાગ અને હિસ્સો ધરાવતો સ્થાયી મિલકત ‘મિલેનીયમ ટેક્ષટાઈલ માર્કેટ-૪’ ના નામે જાણીતા કોર્મશીયલ કોમ્પલેક્ષ ની ગ્રાઉન્ડ ફલોરની દુકાન નં. ૪૬ માપ ૬૩૮.૧૯૮ ચો.ફુટ (બિલ્ટઅપ એરીયા) એટલે કે ૫૯.૨૯૦ ચો.મી બરાબર અને ૬૧૯.૩૫૦ ચો.ફુટ (કારપેટ એરીયા) એટલે કે ૫૭.૫૩૯ ચો.મી બરાબર મિલકત ના રોડ અને સીઓપી ના વણવહેચાયેલ ૨૦૦.૧૯૭ ચો.ફુટ એટલે કે ૧૮.૫૯૯ ચો.મી ના હિસ્સા સહિત આ બિલ્ડીંગનું બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૮ + ૨૯૫ પૈકી -૧ માપ ૪૭,૦૩૭ ચો.મી મોજે ઉધના, જુના તાલુકા. સુરત શહેર, નવા તાલુકા. ઉધના, જી. સુરત ખાતે મેસર્સ નુપુર અમીત અગ્રવાલ ના નામે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેની ખાડી, **પશ્ચિમ તરફ** : જોડેની રે. સ. નં. ૬૭, **ઉત્તર તરફ** : જોડેની ખાડી, **દક્ષિણ તરફ** : જોડેની રેલ્વેની હદ
તારીખ : ૧૮.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સરથાણા શાખા: જી-૧, દીપ કમલ શોપીંગ, સરથાણા મેઈન રોડ, સરથાણા, જી.સુરત. ફોન : ૦૨૬૧ ૨૫૭૬૭૪૮
Email : sarsur@bankofbaroda.com
પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ
નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/જામીનદાર/ગીરવેદાર **શ્રી દિપક રમેશભાઈ કોડાલા, શ્રીમતી વૈશાલી દિપકભાઈ કોડાલા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૮,૨૭,૭૫૪.૦૦ (રૂપિયા અઢાર લાખ સત્યાવીસ હજાર સાતસો ચોપન પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદારો/જામીનદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
દેવાદારો /જામીનદાર અને ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૮,૨૭,૭૫૪.૦૦ (રૂપિયા અઢાર લાખ સત્યાવીસ હજાર સાતસો ચોપન પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.
ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
**સ્થાવર મિલકતનું વર્ણન**
તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત ‘ઓપેરા રોયલ’ બિલ્ડીંગ નં. એ/૨ ના ૧લા માળ નો ફલેટ નં. એ/૨-૧૦૨, બિલ્ટઅપ એરીયા માપ ૫૭.૧૭ ચો.મીટર અને તેનો કારપેટ એરીયા ૪૮.૧૮ ચો.મી બાલ્કની એરીયા ૨.૯૩ ચો.મી, અને વોશ એરીયા ૨.૩૦ ચો.મી (મંજૂર પ્લાન મુજબ ઉચ્ચ ગ્રાઈન્ડ ફલોર) જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા ફાઈનલ પ્લોટ નં. ૧૯૧ + ૧૫/એ, ટી.પી.સ્કીમ નં. ૪૮ (ખોલવડ), બ્લોક નં. ૩૧૨૫ અને ૨૮૪૨ (જુનો બ્લોક નં. ૪૧૪ અને ૬૮ /બી/૨) રેવન્યુ સર્વે નં. ૧૭૭ અને ૧૧૮ મોજે. ખોલવડ, તા. કામરેજ, જી.સુરત ખાતે દિપક રમેશભાઈ કોડાલા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો લીફટ પેસેજ અને ફલેટ નં. ૧૦૩, **પશ્ચિમ તરફ** : જોડેની માર્જીન અને બિલ્ડીંગ એ-૩, **ઉત્તર તરફ** : જોડેનો બિલ્ડીંગ એ-૧ ફલેટ, **દક્ષિણ તરફ** : જોડેની ફલેટ નં. ૧૦૧.
તા. ૧૭.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સરથાણા શાખા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સરથાણા શાખા: જી-૧, દીપ કમલ શોપીંગ, સરથાણા મેઈન રોડ, સરથાણા, જી.સુરત, ફોન : ૦૨૬૧ ૨૫૭૬૭૪૮
Email : sarsur@bankofbaroda.com
પરિશિષ્ટ-૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ
નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ સાથે વંચાણે લઈ **તા.૧૦.૦૧.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/જામીનદાર/ગીરવેદાર **શ્રી શ્યામબિહારી ભરતરાજ શર્મા, શ્રીમતી કુમારીદેવી શ્યામબિહારી શર્મા** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૮૯,૮૫૬.૨૩ (રૂપિયા અગિયાર લાખ નેવ્યાશી હજાર આઠસો છપ્પન અને ત્રેવીસ પૈસા પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.
દેવાદારો/જામીનદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૭ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.
દેવાદાર /જામીનદાર અને ગીરવેદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા**,ની રકમ **રૂા.૧૧,૮૯,૮૫૬.૨૩ (રૂપિયા અગિયાર લાખ નેવ્યાશી હજાર આઠસો છપ્પન અને ત્રેવીસ પૈસા પુરા) તા.૧૦.૦૧.૨૦૨૬ ના રોજના (તા.૦૪.૦૧.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને તેના ઉપરના ખર્ચાઓ સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.
ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.
**સ્થાવર મિલકતનું વર્ણન**
તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત **‘સાંઈ સમર્થ રેસીડન્સી’** તરીકે ઓળખાતો પ્રોજેકટ નો **પ્લોટ નં.એ-૧૪૯** બિલ્ટઅપ એરીયા માપ ૯૬.૭૬ ચો.વાર એટલે ૮૦.૯૦ ચો.મીટર અને કે.જે.પી રેવન્યુ સર્વે/બ્લોક નં. ૪૫૯/એ/૧૪૯ અને પછી રી-સર્વે નવો રેવન્યુ સર્વે/બ્લોક નં. ૧૯૭૬ માપ ૩૦.૦૦ ચો.મી જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા માપ ૦૫.૫૬ ચો.મીટર જમીન સી.ઓ.પી સહિત રેવન્યુ સર્વે નં. ૩૭૬ તેનો બ્લોક નં.૪૫૯/એ **ગામ. હલધરૂ**, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ, જી.સુરત ખાતે કુમારીદેવી શ્યામબિહારી આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૪૮, **પશ્ચિમ તરફ** : જોડેની સોસાયટીની હદ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૧૦, **દક્ષિણ તરફ** : જોડેની સોસાયટીનો આંતરીક રોડ.
તા. ૧૭.૦૪.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સરથાણા શાખા.